થયું જે કાંઈ, થાયે જે કાંઈ, થવાનું જે કાંઈ, સઘળે રે પ્રભુ તારી લીલા સમાઈ....

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૧૦ |
| અમદાવાદ | ૧૫૯ |
| ગાંધીનગર | ૩૫ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૩ | ૨ સપ્ટેમ્બર, ૨૦૨૦, બુધવાર; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# નર્મદા ગાંડીતૂર : અંકલેશ્વરમાં પાણી ઘૂસ્યા

## અંકલેશ્વરની જલારામનગર, નીલમાધવ, રાજેશનગર, શ્રીદર્શન સહિત ૭ થી ૮ સોસાયટીઓમાં નર્મદા નદીના પાણી



અંકલેશ્વર,તા.૦૧

સરદાર સરોવર નર્મદા ડેમમાંથી ૧૧ લાખ ક્યૂસેક પાણી છોડવાને પગલે ભરૂચ, વડોદરા અને નર્મદા જિલ્લાના ગામો અને શહેરો પ્રભાવિત થયા છે. નર્મદા નદીએ ૧૩૩ ફૂટની સપાટી વટાવી દીધી છે અને ભરૂચ સ્થિત ગોલ્ડન બ્રિજે નર્મદા નદીની સપાટી ૩૫ ફૂટે પહોંચી છે. ભરૂચ બાદ હવે અંકલેશ્વર શહેરમાં નર્મદા નદીના પાણી ઘૂસ્યા છે. અંકલેશ્વરની જલારામનગર, શ્રીદર્શન, નીલમાધવ, રાજેશનગર સહિત ૭થી ૮ સોસાયટીઓમાં નર્મદા નદીના પાણી ઘૂસ્યા છે. સોસાયટીઓના રસ્તાઓ પર પાણી ફરી વળતા લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. અંકલેશ્વર તાલુકાના નીચાણવાળા ગામોમાં પાણી ફળી વળતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જૂના દિવા ગામના ચાણવાળા ફળીયામાં પાણી ઘૂસી જતા ૫૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ચારે બાજુ પાણી ફરી વળતા ગામ બેટમાં ફેરવાઇ ગયું છે અને ગ્રામજનો મુશ્કેલીમાં મૂકાયા છે. ગામના સરપચ, તલાટી સહિત તંત્ર ખડેપગે છે અને આરોગ્યની ટીમ તૈનાત કરવામાં આવી છે.ભરૂચના ફૂરજા વિસ્તારમાં પૂરના પાણીમાં ડૂબી જતા યુવાનનું મોત થયું છે.

સ્થાનિક કોર્પોરેટર યુસુફભાઈ મલિક સહિતના લોકોએ યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. ભરૂચ કલેક્ટરે ટ્વિટ કરીને કહ્યું છે કે, 'આજરોજ બપોરના ૧૨ કલાકે ગોલ્ડનબ્રીજ ખાતે નર્મદા નદીનું જળસ્તર ૩૪.૭૬ ફૂટ નોંધાયુ છે. ઉપરવાસમાંથી પાણીની આવક સતત ચાલુ છે. સીડબલ્યુસીના ફોરકાસ્ટ અનુસાર બપોરે ૪ કલાકે જળસ્તર ૩૫ ફૂટની સપાટી વટાવી ૩૫.૨૪ ફૂટ થવાની સંભાવના છે. લોકોને સાવચેત રહેવા અનુરોધ છેલ્લનર્મદા ડેમની સપાટી વધારવા સુપ્રીમ કોર્ટની મંજૂરી બાદ હવે નર્મદા ડેમ તેની મહત્તમ સપાટી સુધી એટલેકે ૧૩૮.૬૮ સુધી ભરી શકશે. નર્મદા ડેમના દરવાજા બંધ કરી નર્મદા નદીમાં ઓછુ પાણી છોડવામાં આવશે. જેના કારણે પૂરના પાણી ઉતરવાની શક્યતા છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૩.૦૪ મીટર ઉપર પહોંચી ગઈ છે. નર્મદા ડેમમાં પાણીની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉપરવાસમાંથી ૧૧ લાખ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. જેની સામે નર્મદા નદીમાં ૧૦ લાખ ક્યૂસેકથી વધુ પાણી છોડાઈ રહ્યું છે.

## સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ૧૩૩ મીટરે પહોંચી

સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે આજે તા. ૧ લી સપ્ટેમ્બર,૨૦૨૦ ને મંગળવારના રોજ સાંજે ૫=૦૦ કલાકે નર્મદા ડેમની સપાટી ૧૩૩ મીટરે નોંધાઈ હતી. હાલમાં ડેમના ૨૩ દરવાજામાંથી ૧૦.૭૦ લાખ ક્યુસેક પાણી ભરૂચ તરફ વહી રહ્યુ



છે. રિવરબેડ પાવર હાઉસમાં ૧૨૦૦ મેગાવોટ વિજળી ઉત્પન્ન કર્યા બાદ ૪૦ હજાર ક્યુસેક જેટલું પાણી ભરૂચ તરફ વહી રહ્યુ છે. આ ઉપરાંત કેનાલહેડ પાવરહાઉસ ખાતે ૨૦૦ મેગાવોટ વિજળી ઉત્પન્ન થઈ રહી છે અને ૧૭ હજાર ક્યુસેક જેટલુ પાણી મુખ્ય કેનાલ તરફ વહી રહ્યુ છે. હાલમાં સરદાર સરોવર નિગમના ડેમ ખાતેના કાર્યરત ઉચ્ચાધિકારીશ્રીઓ પાણીની આવક અને જાવક ઉપર સતત ચાંપતી નજર રાખી રહ્યાં છે અને ભરૂચ, નર્મદા તથા વડોદરા જિલ્લાના કલેક્ટરશ્રીઓ સાથે સતત સંપર્કમાં રહીને પાણીની આવક-જાવકનું મોનીટરીંગ કરી રહ્યાં છે.



# ટેલિકોમ કંપનીઓને લેણાં ચૂકવવા દસ વર્ષનો સમય

## ૧.૬ લાખ કરોડની એજીઆર લેવાની બાકી નીકળે છે : ટેલિકોમ કંપનીઓએ તેમની બાકી રકમ પૈકીની ૧૦ ટકા રકમ આગામી માર્ચ ૨૦૨૧ સુધીમાં ચૂકવવી પડશે

નવી દિલ્હી, તા. ૧

સુપ્રીમ કોર્ટે મંગળવારે વોડાફોન આઈડિયા, ભારતી એરટેલ અને ટાટા ટેલિસર્વિસિસ સહિતની ટેલિકોમ કંપનીઓને અંદાજે રૂપિયા ૧.૬ લાખ કરોડની એડજસ્ટેડ ગ્રોસ રેવન્યૂ (એજીઆર) સંલગ્ન બાકી રકમ ટેલિકોમ વિભાગને ચૂકવવાના મામલે શરતી રાહત આપી છે. સર્વોચ્ચ ન્યાયાલયે ટેલિકોમ કંપનીઓને એજીઆર સંબધિત બાકી લેણાંની ચૂકવણી કરવા ૧૦ વર્ષનો સમય આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે ઓર્ડરમાં જણાવ્યું છે કે, ટેલિકોમ કંપનીઓએ તેમની બાકી રકમ પૈકીની ૧૦ ટકા રકમ આગામી માર્ચ ૨૦૨૧ સુધીમાં ચૂકવવી પડશે. સુપ્રીમ કોર્ટના જજો જસ્ટિસ અરૂણ મિશ્રાની વડપણ હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે ટેલિકોમ વિભાગ દ્વારા એજીઆર સંલગ્ન રકમની માંગ તેમજ સુપ્રીમ કોર્ટે આ સંદર્ભે આપેલા ચુકાદો અંતિમ ગણાશે.

ટેલિકોમ કંપનીઓના મેનેજિંગ ડિરેક્ટર અથવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરને આગામી ચાર સપ્તાહમાં ડીઓટીને ચૂકવવાની રકમ અંગે બાંહેધરી અથવા પર્સનલ ગેરેન્ટી આપવાનો આદેશ સુપ્રીમ કોર્ટે કર્યો હતો. જો કોઈ ટેલિકોમ કંપની એજીઆર સંલગ્ન રકના હપતા ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેના પર દંડ કરાશે અને વ્યાજ વસૂલવા ઉપરાંત તેને કોર્ટની અવમાનના પણ ગણાશે. સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ નાદારીની પ્રક્રિયા હેઠળની ટેલિકોમ કંપનીઓ દ્વારા સ્પેક્ટ્રના વેચાણના મુદ્દે નેશનલ કંપની લો ટ્રિબ્યૂનલ નિર્ણય કરશે.

# પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના સન્માન સાથે અંતિમ સંસ્કાર

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના અંતિમ સંસ્કાર મંગળવારે રાજકીય સન્માનની સાથે લોધી સ્મશાન ઘાટ પર કરાયા હતા. તેમના પાર્થિવ શરીરને આર્મી હોસ્પિટલથી ૧૦, રાજાજી માર્ગ સ્થિત તેમના સરકારની આવાસમાં લાવવામાં આવ્યો હતો. અહીં લોકોએ તેમના પાર્થિવ દેહના દર્શન કર્યાં હતાં.રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભારત રત્નથી સન્માનિત દેશના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને તેમના આવાસ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ એમ. વેકૈંયા નાયડુ, સીડીએસ બિપિન રાવત, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, સ્પીકર ઓમ બિડલા, પૂર્વ પીએમ મનમોહન સિંઘ, કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધન, ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડા, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, શશી થરૂર, અધીર રંજન ચૌધરી, સીપીઆઈ મહાસચિવ ડી. રાજા, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને કેટલાક અન્યએ પણ દિવંગત પૂર્વ રાષ્ટ્રપતિને શ્રદ્ધાંજલિ આપી.


**શ્રદ્ધાંજલી**







**સ્વ.શ્રી દિનેશભાઈ નારણભાઈ વઘાસિયા**
(વૃન્દાવન સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ)
સ્વ.તા.૨૯-૮-૨૦૨૦, શનિવાર

સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યા ખબર હતી
વિદાય તમારી અણધારી હશે, એ ક્યા ખબર હતી
સર્વત્ર સુવાશ ફેલાવી સંભારણાં, સૌના દિલમાં રાખી ગયાં
તમારો નિખાલસ ચહેરો સદાય યાદ રહેશે...
ભગવાન તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
દિનેશભાઈ એન.વઘાસિયાના આકસ્મિક અવસાનથી
પરિવારમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે, પ્રભુ તેમના
પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે...

**જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ**
**કોમ્પલેક્ષ એસોસિએશન, સેક્ટર-૨૮**
**હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા ઉદ્યોગકાર મિત્રો**

**દુઃખદ્ અવસાન**







અમારા મોટાભાઇ શ્રી ભરતભાઇ (રાજુભાઈ) હરિભાઇ પટેલ (ઇસનપુર મોટા)નું
તા. ૩૧/૦૮/૨૦૨૦ના રોજ દુઃખદ્ અવસાન થયેલ છે. ઇશ્વરને ગમ્યું તે ખરૂ.
સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના.

નોંધ : વર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી
સદ્ગતનું બેસણું કે લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**સુરેશભાઈ હરિભાઇ પટેલ**

મિલનભાઇ ભરતભાઇ પટેલ
વિવેકભાઇ ભરતભાઇ પટેલ
સંનિષ્ઠ સુરેશભાઇ પટેલ
કાન્તિભાઇ રામાભાઇ પટેલ
કનુભાઈ રામાભાઇ પટેલ
દિલીપભાઇ રામાભાઇ પટેલ
સંદીપભાઇ મહેન્દ્રભાઈ પટેલ

ગં.સ્વ. કાન્તાબેન હરિભાઇ પટેલ
ગં.સ્વ. ઊર્મિલાબેન ભરતભાઇ પટેલ
કુંજલબેન સુરેશભાઈ પટેલ
નિધિબેન મિલનભાઇ પટેલ
ખુશબુબેન સુરેશભાઈ પટેલ

ફર્મ : વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર)

સરનામું : ૬,પ્રમુખપાર્ક સોસાયટી, જાન્હવી પાર્ટી પ્લોટની સામે, PDPU રોડ,
રાયસણ, ગાંધીનગર. મો. 98245 42661, 84010 04946